## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૨ જુલાઇ ૨૦૧૮ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સોજીત્રા તાલુકાના કુલ ૯ ગ્રામસેવક મિત્રો, ખણસોલ, ડાલી, ગાડા, વલાસણ તથા દેવાતજ ગામના કુલ ૫૬ ખેડૂત ભાઈઓ તથા મહીલા ખેડૂતોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ. તદ્દપરાંત સદર કાર્યક્રમમાં ખણસોલ, ડાલી તથા દેવાતજ ગામના સરપંચશ્રીઓ પણ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી. પટેલ સાહેબ દ્વારા સર્વેનું સ્વાગત કર્યા બાદ પ્રાસંગોચીત ઉદબોધનમાં વૃક્ષોને આપણાં નજીકના મિત્રો સમાન ગણાવીને તેના લાભાનુંલાભ તેમજ સંકટ સમયે આર્થીક સહારો પૂરો પાડે છે તેમ જણાવ્યુ. શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા વૃક્ષોના પર્યાવરણ પ્રદૂષણ અટકાવવાના ફાળા વિષે જણાવ્યુ તેમજ વૃક્ષોનું સંવર્ધન કરવાની સલાહ આપી ઉપરાંત પ્લાસ્ટીક કચરાની પર્યાવરણ પર થતી માઠી અસર વિષે સમજાવ્યા બાદ પ્લાસ્ટીકના ઉપયોગ પર પ્રતિબંધ કરવા સૂચન કર્યું. આ ઉપરાંત ઉપસ્થિત સર્વે દ્વારા સ્વચ્છ ભારત મીશન અંતર્ગત સ્વચ્છતા શપથ લેવામાં આવી. ત્યારબાદ સર્વે ગ્રામસેવકો, સરપંચશ્રીઓ, ખેડૂત ભાઈઓ – બહેનો તથા કેન્દ્રના સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ જેમાં મુખ્યત્વે આમળા, સીતાફળ, લીમડા તથા જાંબુના છોડ રોપવામાં આવ્યા. ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેને કેન્દ્ર ખાતેથી આમળા, સીતાફળ, તુલસી તથા સરગવાના રોપ ભેટ સ્વરૂપે વિતરણ કરેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા કરવામાં આવેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ






